**પ્રેસ નોટ**

**નોર્થઝોન(કતારગામ)**

**સુરત મહાનગરપાલિકા**

સુરત મહાનગરપાલિકાનાં નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં સમાવિષ્ટ ફા.ટી.પી.સ્કીમ નં.૧૮(કતારગામ), ફા.પ્લોટ નં.૮૫, સબ પ્લોટ નં.સી/૭૭, રાધેશ્યામ સોસાયટી, સિંગણપોર ચાર રસ્તા વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાની કોઇપણ મંજુરી વિના સદરહું મિલ્કતનાં મિલ્કતદારો/કબ્જેદારો/હિતસંબંધ ધરાવનારાઓ દ્વારા કરવામાં આવેલ બિનઅધિકૃત બાંધકામ અન્વયે નોર્થઝોન(કતારગામ) દ્વારા ધી.બી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ મુજબ નોટીસ પાઠવવામાં આવેલ. જે અન્વયે મિલ્કતદારો/કબ્જેદારો/હિતસંબંધ ધરાવનારાઓ દ્વારા બાંધકામ બંધ રાખવામાં આવેલ ન હોય તથા સ્થળ ઉપર બાંધકામ ચાલુ રાખવામાં આવેલ હોય, તા.૨૬/૦૬/૨૦૨૩ નાં રોજ નોર્થઝોન(કતારગામ) દ્વારા સદરહું મિલ્કતનું આશરે ૨૫૦૦.૦૦ ચો.ફુટ આર.સી.સી. કોલમ તથા સ્લેબ સહિતનું બિનઅધિકૃત બાંધકામ દુર કરી રૂ. ૧,૩૦,૦૦૦/-(એક લાખ ત્રીસ હજાર પુરા) વહીવટી ચાર્જ પેટે તથા રૂ. ૨૦,૦૦૦/-(વીસ હજાર પુરા) સિક્યોરીટી ડીપોઝીટ પેટે વસુલવામાં આવેલ છે.

ટી.પી.સ્કીમ નં.૨૪(ટુંકી), ફા.પ્લોટ નં. ૫૫, વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાની મંજુરી વિના સદરહું મિલ્કતનાં મિલ્કતદારો/કબ્જેદારો/હિતસંબંધ ધરાવનારાઓ દ્વારા કરવામાં આવેલ ટેમ્પરરી સ્ટ્રક્ચરના બાંધકામ અન્વયે નોર્થઝોન(કતારગામ) દ્વારા નોટીસ પાઠવવામાં આવેલ. જે અન્વયે નોર્થઝોન(કતારગામ) દ્વારા અગાઉ પતરાના શેડ દુર કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવેલ. જે અન્વયે મિલ્કતદારો/કબ્જેદારો/હિતસંબંધ ધરાવનારાઓ દ્વારા આપવામાં આવેલ બાંહેધરીનું પાલન ન કરી સ્થળ ઉપર બાંધકામ ચાલુ રાખવામાં આવેલ હોય, આજ તા.૨૬/૦૬/૨૦૨૩ ના રોજ નોર્થઝોન(કતારગામ) દ્વારા સદરહું મિલ્કતનુ આશરે ૬૦૦૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાંથી એંગલ, પતરાના શેડ સહિતનું બાંધકામ દુર કરવામા આવેલ છે.

ઉપરોકત કામગીરી શહેરી વિકાસના સ્ટાફ, ડે.ઇજનેરશ્રી, ૨૫ જેટલા બેલદારની મદદથી ડે.મ્યુ.કમિશ્નરશ્રીની સુચનાથી ઈ.ચા.કાર્યપાલક ઇજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સદર કામગીરી પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૧૩૨
તા. ૨૬/૦૬/૨૦૨૩